અપીલ અરજી નં.૧૯૮ તા.૩–૧૦–૦૮

અરજદારઃ શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ–***

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની તા. ૧–૯–૦૮ અરજી થી તા. ૧૪–૮–૦૮ ના રોજ આપેલ લેખીત બાબતે શું કાર્યવાહી થયેલ તે માહિતી આપવા (૧) ડીઓપી સાહેબશ્રીએ રેકર્ડ ઉભુ કરવા અને ફરિયાદ (૨) સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૪૧૦ ક્રમાંક નં.૫૬ તા. ૬–૯–૦૮ નીકાર્યવાહી સુચના વિરૂધ્ધ ડી.ઓ.પી. સાહબે કરેલ કાર્યવાહી બાબતે ફરીયાદ વિ.ની કાર્યવાહીની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૮/૨૦૦૮–૦૯

શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની તા. ૧–૯–૦૮ અરજી થી તા. ૧૪–૮–૦૮ ના રોજ આપેલ લેખીત બાબતે શું કાર્યવાહી થયેલ તે માહિતી આપવા (૧) ડીઓપી સાહેબશ્રીએ રેકર્ડ ઉભુ કરવા અને ફરિયાદ (૨) સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૪૧૦ ક્રમાંક નં.૫૬ તા. ૬–૯–૦૮ ની કાર્યવાહી સુચના વિરૂધ્ધ ડી.ઓ.પી. સાહેબે કરેલ કાર્યવાહી બાબતે ફરીયાદ વિ.ની કાર્યવાહીની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી અંગે પ્રત્યુત્તર ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૪ તા.૧૪–૧૦–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ટીપીડી/આ.નં.૫૧૭૩ તા.૨૨–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી આપવામાં આવેલ છે.

અરજદારે તા.૧–૯–૦૮ ની અરજીથી તા.૧૪–૮–૦૮ ના રોજ લેખિત રજૂઆત થયેલ તે બાબતે શું કાર્યવાહી થઈ તેની માહિતી માંગેલ છે. જે અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીપીડી/આ.નં.૫૦૦૫ તા.૧૭–૧૦–૦૮ થી "સદર મિલ્કત કલમ–૭૭ હેઠળ આગળની કાર્યવાહી કરવા તથા સદર જગ્યા વાટાઘાટથી મળી શકે તેમ ન હોય તો જમીન સંપાદનની કાર્યવાહી સંપાદનધારા હેઠળ હાથ ધરવા તેમજ કલમ–૭૮ અન્વયે સરકારશ્રીની મંજુરી મેળવવા ઘટિત કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવેલ. જે અંગે કાર્યવાહીના ભાગરૂપે સરકારશ્રીમાં તા.૧૦–૧–૦૮ ના રોજ દરખાસ્ત પાઠવવામાં આવેલ. કાર્યવાહીના ભાગરૂપે તા.૭–૮–૦૮ ના રોજ જમીન માલિકોને વાટાઘાટ માટે બોલાવવામાં આવેલ જે અંગે કોઈ નિર્ણય થયેલ નથી." આ રીતે અરજદારને સદર અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા. ૧–૯–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી અરજદારને નં.ટીપીડી/આ.નં.૫૦૦૫ તા.૧ ૭–૧૦–૦૮ ના રોજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડયાનું જણાય છે. આથી અપીલ અરજીમાં નહીં મળેલ પ્રતિસાદ અંગેની માહિતી મળી ગઈ હોય અપીલ અરજી કંઈ કરવાનું રહેતું નથી."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧–૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ